# સાર્ક શિખર બેઠકમાં મોદી છવાયા

## મુંબઈ આતંકવાદી હુમલાની પીડા ભુલી શક્યા નથી : મોદી

કાઠમાન્ડુ, નવીદિલ્હી,તા. ૨૬

નેપાલના પાટનગર કાઠમાન્ડુમાં આજે સાર્ક શિખર બેઠક દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી છવાઈ ગયા હતા. શાર્ક બેઠકમાં બોલતા મોદીએ મુંબઈ ત્રાસવાદી હુમલાનો મુદ્દો પણ જોરદારરીતે ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે આ ભીષણ હુમલાની પીડા આજે પણ છે. આ હુમલાને ક્યારેય ભુલી શકાશે નહી.સાથે મળીને ત્રાસવાનો ખાતમો બોલાવવા માટે મોદીએ સાર્ક દેશોને અપીલ કરી હતી. પાકિસ્તાની વડાપ્રધાન નવાઝ શરીફની હાજરીમાં મોદીએ કહ્યું હતું કે ત્રાસવાદને રોકવા સાથે મળીને આગળ વધવાની જરૂર છે. મોદીએ તેમના ભાષણમાં તમામ મુદ્દા ઉઠાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે સાર્કના દેશો નજીક હોવા છતાં નજીક દેખાતા નથી. વ્યાપક મતભેદોના કારણે સાર્ક દેશોમાં વિકાસની ગતિ ધીમી રહી છે. સાર્ક દેશોમાં ટ્યુરિઝમને પ્રોત્સાહન આપવાની પણ તેમણે વાત કરી હતી. સાર્ક સેટેલાઈટ લોંચ કરવાની તેમણે વાત કરી હતી. ઈન્ફ્રાસ્ટકચરને પ્રોત્સાહન આપવાની જરૂર પર મોદીએ ભાર મુક્યો હતો. મોદીએ કહ્યું હતું કે સાર્ક દેશ ભૌગોલિકરીતે આસપાસ છે. પરંતુ સમયની માંગ છે કે તેઓ સાથે સાથે પણ રહે તે જરૂરી છે. મોદીએ સભ્ય દેશો વચ્ચે વેપાર અને રોકાણને વધારવા માટે યોગ્ય માહોલ બનાવવાની વાત કરી હતી. મોદીએ દર્દીઓ અને કારોબારીઓ વચ્ચે




વીઝા પ્રક્રિયાને સફળ બનાવવા માટે ભારત તરફથી પહેલ કરવાની જાહેરાત કરી હતી. મોદીએ કહ્યું હતું કે અમે ત્રાસવાદ અને સરહદ પારથી અપરાધ સામે લડવા માટે સંકલ્પ કરી ચુક્યા છીએ. આ સંકલ્પમાં તમામ સાથ આપે તે જરૂરી છે. આર્થિક મોરચે સાર્ક દેશોની પ્રક્રિયાને સરળ કરવાની માંગ કરીને મોદીએ કહ્યું હતું કે પારસ્પરિક મતભેદો વિકાસના માર્ગમાં અડચણો ઉભી કરે છે. આજ કારણસર અમે ક્ષમતા કરતા ખુબ ઓછા પ્રમાણમાં વેપાર કરી શકીએ છીએ. તેમણે કહ્યું હતું કે કારોબારાના નિયમોને સરળ બનાવવા માટે કામ કરવાની જરૂર છે. ભારત સાર્ક દેશો માટે ૩-૫ વર્ષ માટે બિઝનેસ વીઝા આપશે. આની સાથે સાથે મોદીએ જાહેરાત કરી હતી કે સારવાર માટે આવનાર લોકોને અને તેના સહાયકને તરત વીઝા આપસે, મેડિકલ વીઝા તરત મળવાની સ્થિતીમાં ફાયદો થશે. ભાષણની શરૂઆતમાં જ મોદીએ કહ્યું હતું કે સમગ્ર વિશ્વની શુભકામનાની સાથે તેઓએ વડાપ્રધાન તરીકેની જવાબદારી સંભાળી હતી.સાર્ક દેશોની સાથે ભારતનો કારોબાર ઓછો છે. આ સારી બાબત નથી સાથે સાથે દુરદર્શી પણ નથી.એક સારા પડોશીની સમગ્ર દુનિયા અપેક્ષા રાખે છે. આ અગાઉ કાઠમાન્ડુ પહોંચ્યા બાદ ભારત નેપાળે ૧૧ સમજુતી પર સહીસિક્કા કર્યા હતા. બીજી બાજુ મોદીએ વિકાસની વાત કરી હતી. શાર્ક બેઠકમાં હાજરી આપવા માટે નેપાળ પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગઈકાલે જ કહ્યું હતું કે, તમામ પડોશી દેશો સાથે નજીકના સંબંધોને તેમની સરકાર ઉચ્ચ પ્રાથમિક્તા આપશે.તેમની સરકાર અન્ય દક્ષિણ એશિયન દેશો સાથે મંત્રણાને આગળ વધારવા કટિબદ્ધ છે. કનેક્ટીવીટી અને વિકાસના ક્ષેત્રમાં કેટલાક નક્કર પરિણામ આવશે તેવી વાત મોદીએ કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, શાર્ક શિખરમાં તેઓ પ્રથમ વખત વાતચીત દરમિયાન કેટલીક વાત કરી ચુક્યા છે. શાર્ક બેઠકમાં મોદી અને નવાઝ શરીફ એક મંચ પર દેખાયા હતા પરંતુ મોદીએ કઠોર વલણ અપનાવ્યું હતુ. પાકિસ્તાનને તેનુ વલણ બદલી નાંખવા મોદીએ સંકેત આપ્યો હતો.

## કેજરીવાલનો સમય હવે ખતમ થયો છે : શર્મિષ્ઠા

નવી દિલ્હી,તા. ૨૬

દિલ્હીના રાજકીય ક્ષેત્રમાં એન્ટ્રી કરી રહેલી રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીની પુત્રી શર્મિષ્ઠા મુખર્જીએ આજે દાવો કર્યો હતો કે આમ આદમી પાર્ટીના નેતા અરવિન્દ કેજરીવાલનો સમય હવે ખતમ થયો છે. તેમણે કહ્યું હતું કે કેજરીવાલને હવે તક મળે તેવી શક્યતા દેખાઈ રહી નથી. તેમણે કહ્યું હતું કે દિલ્હીના મતદારોએ તેમની જવાબદારી યોગ્યરીતે અદા કરવા માટે તક આપી હતી પરંતુ હવે કેજરીવાલ મુખ્યપ્રધાન બન્યા બાદ થોડાક દિવસમાં જ તેમની જવાબદારીમાંથી ભાગી ગયા હતા. દિલ્હીના લોકો તેમનાથી ખૂબ નારાજ છે. દિલ્હીના લોકો હવે કેજરીવાલને તક નહી આપે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. શર્મિષ્ઠાએ કહ્યું હતું કે દિલ્હીમાં હવે આમ આદમી પાર્ટીની કોઈ લહેર દેખાતી નથી. એક વાતચીત દરમિયાન તેમણે આ મુજબની વાત કરી હતી. શર્મિષ્ઠાએ એમ પણ કહ્યું હતું કે તેઓ દિલ્હીના રાજકારણમાં એન્ટ્રી કરવા ઈચ્છુક છે. કારણ કે અહીં લોકોની અનેક તકલીફ છે. દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી લડવાની પણ તેમની ઈચ્છા છે. આ સંબંધમાં તેઓ પાર્ટી હાઈ કમાન્ડ સમક્ષ તેમની ઈચ્છા વ્યક્ત કરી ચુક્યા છે. મોદી સરકારની લોકપ્રિયતા અંગે પુછવામાં આવતા તેમણે કહ્યું હતું કે તેમની લોકપ્રિયતા ઘટી રહી છે. મહારાષ્ટ્રમાં હાલમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને બહુમતિ મળી ન હતી. શર્મિષ્ઠાએ કહ્યું હતું કે જો મોદી મેજિકની સ્થિતી રહી હોત તો મહારાષ્ટ્રમાં પણ ભાજપને બહુમતિ મળી હોત.

## મુંબઇ હુમલો : દેશના જુદા જુદા જુદા ભાગોમાં શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયા

નવીદિલ્હી,તા. ૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મુંબઈના ભીષણ ત્રાસાવાદી હુમલાની છઠ્ઠી વરસીના દિવેસ આ હુમલામાં માર્યા ગયેલા નિર્દોષ લોકો અને ત્રાસવાદ સામેના જંગમાં પ્રાણોની આહુતિ આપનાર જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમને યાદ કર્યા હતા. બીજી બાજુ આ હુમલાની વરસીના દિવસે પોતાના સગાસંબંધીઓને ગુમાવનાર લોકોએ પણ તેમને યાદ કર્યા હતા. મુંબઈ હુમલાની વરસી શાંતિપૂર્ણ રીતે પસાર થઈ હતી. વરસી દરમિયાન કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે પગલા લેવાયા હતા. મુંબઈ હુમલાને છ વર્ષ થયા હોવા છતાં સુરક્ષા પાસાઓમાં હજુ પણ ખામી હોવાનો મત નિષ્ણાંતો વ્યક્ત કરે છે.

મુંબઈ અને દેશના જુદા જુદા જુદા ભાગોમાં આજે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયા હતા. જેમાં અંજલિ આપવામાં



આવી હતી. વડાપ્રધાન મોદીએ ત્રાસવાદ સામેના જંગને વધુ કઠોર બનાવવાની પણ વાત કરી હતી. મોદીએ કહ્યુંહતુંકે તેઓ દેશના સાહસી જવાનોને સલામ કરે છે. તેમના સાહસ પર દેશના લોકોને ગર્વ છે. ત્રાસવાદ સામે સાથે મળીને લડતને આગળ વધારવાની તેમણે હાકલ કરી હતી. મોદી હાલમાં નેપાળના પાટનગર કાઠમાન્ડુમાં શાર્ક શિખર બેઠકમાં હાજરી આપી રહ્યા છે. મુંબઈમાં છ વર્ષ પહેલા એટલે કે ૨૬મી નવેમ્બર ૨૦૦૮ના દિવસે ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં ૧૬૬ લોકોના મોત થયા હતા અને સેંકડો લોકો ઘાયલ થયા હતા. સમગ્ર વિશ્વમાં આ હુમલાની નોંધ લેવામાં આવી હતી.૧૦ ત્રાસવાદીઓએ મુંબઈમાં આતંક મચાવ્યો હતો. જો કે આ હુમલા દરમિયાન એક ત્રાસવાદી કસાબને જીવતો પકડી લેવામાં આવ્યો હતો ત્યારબાદ તેને મૃત્યુદંડની સજા કરવામાં આવી હતી. દેશના જુદા જુદા ભાગોમાં પણ શ્રદ્ધાંજલિ કાર્યક્રમ યોજાયા હતા. વાણિજ્ય પાટગનર મુંબઈમાં વરસીના દિવસે સઘન સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા હતા. દેશના સરહદી રાજ્યોમાં ખાસ પગલા લેવામાં આવ્યા હતા.

## મુંબઈ હુમલામાં ટ્રાયલને પાક ઝડપી બનાવે : ભારત

નવીદિલ્હી,તા. ૨૬

કેન્દ્રીય ગૃહપ્રધાન રાજનાથસિંહે આજે કહ્યું હતું કે, વર્ષ ૨૦૦૮ના મુંબઈ આતંકવાદી હુમલા માટે જવાબદાર લોકો સામે ટ્રાયલ ખુબ ધીમીગતિએ ચાલી રહી છે. પાકિસ્તાનને પ્રાથમિકતાના આધારે તપાસ હાથ ધરવી જોઈએ અને ટ્રાયલને ઝડપી બનાવવી જોઈએ. મુંબઈ હુમલાના સંદર્ભમાં પોતાની પ્રતિક્રિયા આપતા રાજનાથસિંહે કહ્યું હતું કે, ૨૦૦૮માં મુંબઈ હુમલા વેળા માર્યા ગયેલા લોકોને દેશના લોકો શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે. મુંબઈ હુમલાના ભેજાબાજને હજુ સજા કરવામાં આવી નથી. હુમલા માટે જવાબદાર લોકો સામે ટ્રાયલ ખુબ ધીમીગતિએ ચાલી રહી છે. આતંકવાદીઓ સામે લડતી વેળા પ્રાણોની આહૂતિ આપનાર જવાનોને પણ રાજનાથસિંહે શ્રદ્ધાંજલિ આપી હતી અને કહ્યું હતું કે, દેશના સાહસી જવાનો ઉલ્લેખનીય ભૂમિકા અદા કરી રહ્યા છે.


અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૬-૨૮મી નવેમ્બરના દિવસે મુંબઈમાં ૨૦૦૮માં આતંકવાદી હુમલો થયો હતો જેમાં ૧૬૬ લોકોના મોત થયા હતા અને સેકડો લોકો ઘાયલ થયા હતા. ૧૦ આતંકવાદીઓ મુંબઈમાં ઘુસી ગયા હતા અને બે દિવસ સુધી આતંક મચાવ્યો હતો. આ હુમલામાં એક આતંકવાદી કસાબને સુરક્ષા જવાનોએ જીવતો પકડી લીધો હતો જેને મોડેથી કોર્ટ કાર્યવાહી બાદ ફાંસી આપવામાં આવી હતી.

## ઓબામા મોદી સાથે શિખર વાતચીત કરવા માટે ઉત્સુક

### ૨૬ જાન્યુઆરીના દિવસે ચીફ ગેસ્ટની સાથે બે દિવસના રોકાણ દરમિયાન અન્યો સાથે ઓબામા વાતચીત કરશે

નવીદિલ્હી,તા. ૨૬

અમેરિકાના પ્રમુખ બરાક ઓબામા મોદીના ૨૬મી જાન્યુઆરીના દિવસે પ્રજાસત્તાક દિવસે ચીફ ગેસ્ટ તરીકે રહેશે. ઓબામા જાન્યુઆરીમાં ભારતની યાત્રા દરમિયાન બે દિવસ રોકાશે અને આ દિવસો દરમિયાન તેઓ મોદી ઉપરાંત અન્યો સાથે પણ મહત્વપૂર્ણ વાતચીત કરશે. સંબંધોને નવી ઉંચાઈ ઉપર લઈ જવાનો મુદ્દો છવાશે. મોદી અમેરિકા સાથેના સંબંધને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહ્યા છે. ૨૬મી જાન્યુઆરીએ ચીફ ગેસ્ટ બનવાના આમંત્રણને અમેરિકી પ્રમુખ બરાક ઓબામા સ્વીકાર કરતા દેશમાં ભારે ઉત્સુકતા છે. મોદીની રાજદ્વારી મોરચે આની મોટી જીત તરીકે ગણવામાં આવે છે. ભારતના પ્રજાસત્તાક દિવસે આયોજિત કાર્યક્રમમાં ભાગ લેનાર ઓબામા પ્રથમ અમેરિકી પ્રમુખ બનવા જઈ રહ્યા છે. મોદીએ પોતે ટ્વીટ કરીને ઓબામાને આમંત્રણ આપ્યું હતું. બીજી બાજુ અમેરિકી તંત્રે તરત જ પ્રતિક્રિયા આપીને કહેવામાં આવ્યું હતું કે મોદીના આમંત્રણને સ્વીકારીને ઓબામા મુખ્ય મહેમાન બનવા જઈ રહ્યા છે. કોઈ અમેરિકી પ્રમુખ માટે પણ આ સન્માન મેળવી લેવાનો પ્રથમ બનાવ છે. મોદી આ યાત્રા દરમિયાન બન્ને દેશોના સંબંધોને નવી ઉંચાઈ પર લઈ જવા માટે મોદી ઉપરાંત અન્ય અનેક



ભારતીય અધિકારીઓ સાથે વાતચીત કરશે. ભારત અને મોદીની આ મોટી રાજદ્વારી જીત તરીકે ગણવામાં આવે છે. આનાથી ભારત અને અમેરિકા વચ્ચે અનેક દિશામાં સંબંધોને મજબુત કરવાના દ્વાર ખુલી જશે. મોદીએ હાલમાં જ અમેરિકાની ઐતિહાસિક યાત્રા કરી હતી. જે દરમિયાન જુદા જુદા પાસા પર સાનુકુળ અને સફળ વાતચીત થઈ હતી. પ્રવાસના અંતિમ તબક્કામાં ઓબામા મોદીને કાર્યક્રમથી અલગ માર્ટિન લુથર કિંગ જુનિયરના સ્મારક પર લઈ ગયા હતા.

## ગુનાઓ અને વેશ્યાવૃત્તિમાં યુવતિઓને ધકેલવા પ્રયાસો

નવી દિલ્હી,તા. ૨૬

વિશ્વભરમાં અતિ લોકપ્રિયતા ધરાવનાર ફેબસુક અને અન્ય સોશિયલ મિડિયાનો ઉપયોગ જુદી જુદી ગેંગ દ્વારા ખતરનાક રીતે કરવામાં આવી રહ્યો છે. એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે મહિલાઓને જુદી જુદી આકર્ષક લાલચ આપીને ક્રાઈમ અને વેશ્યાવૃત્તિમાં મહિલોને ધકેલી દેવાના પ્રયાસો ગેંગ દ્વારા કરવામાં આવી રહ્યા છે. યુરોપોલના વડા રોબ વેનરાઈટે કહ્યું છે કે ચાઈલ્ડ કેર માટે અન્ય સારા કામ માટે જાહેરાતો આપવામાં આવે છે. આ જાહેરાતો મારફતે જરૂરીયાતમંદ મહિલાઓ અને યુવતિઓને સકંજામાં લેવાના પ્રયાસ કરવામાં આવે છે. રશિયા, બલ્ગેરિયા, હંગેરી, રોમાનિયા, જર્મની અને નેધરલેન્ડ જેવા દેશમાંથી આશરે ૫૦૦૦૦ મહિલાઓને શિકાર બનાવી દેવામાં આવી હોવાના અહેવાલ મળ્યા છે. વિશ્વના દેશોમાં આ પ્રકારની પ્રવૃતિ હાલ વધી રહી છે.

## મહારાષ્ટ્ર : શિવ સેના ટુંકમાં ફડનવીસ સરકારમાં જોડાશે

મુંબઈ,તા. ૨૬

મહારાષ્ટ્રમાં ભાજપ અને શિવ સેના ફરી એકબીજાની નજીક આવશે. આ સંબંધમાં વ્યાપક ચર્ચા બાદ હવે સમજુતી થવા જઈ રહી છે. જેના ભાગરૂપે શિવ સેના ભાજપ સરકારમાં સામેલ થશે. છેલ્લા કેટલાક દિવસથી ભાજપ અને શિવ સેના વચ્ચે વાતચીત ચાલી રહી હતી. હવે સફળ વાતચીત બાદ શિવ સેના મહારાષ્ટ્રમાં દેવેન્દ્ર ફડનવીસ સરકારમાં સામેલ થવા માટે તૈયાર થઈ ગઈ છે. શિવ સેના થોડાક દિવસમાં સરકારમાં જોડાશે. આ ઉપરાંત કેન્દ્રમાં રહેલી મોદી સરકારમાં પણ શિવ સેનાના સાંસદ અનિલ દેસાઈ જોડાઈ જશે. આ સંબંધમાં વાતચીત થઈ ચુકી છે. સુત્રોએ માહિતી આપતા કહ્યું છે કે ભાજપ પ્રમુખ અમિત શાહ અને શિવ સેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે વચ્ચે સમજુતી થઈ છે. મહારાષ્ટ્ર સરકારમાં શિવ સેનાના ૧૦ પ્રધાનો રહેશે. જેમાં ઓછામાં ઓચા ચાર કેબિનેટ સ્તરના પ્રધાનો રહેશે. શિવ સેનાએ હવે નાયબ મુખ્યપ્રધાનપદની માંગ છોડી દીધી છે. પરંતુ એએવુ જાણવા મળ્યું છે કે શિવ સેનાને ગૃહ જેવુ મોટુ ખાતુ આપવામાં આવનાર છે.ગૃહ ઉપરાંત શિવ સેનાને વીઝલી, લોક નિર્માણ અને ગ્રામીણ વિકાસ મંત્રાલય જેવા ખાતા આપવાની તૈયારી ભાજપે બાતાવી છે. કેન્દ્રીય હાઈ કમાન્ડે મોટા મામલે સહમતી થયા બાદ નાના મુદ્દાને રાજ્ય સ્તરે નક્કી કરી લેવા માટે સુચના આપી છે.

અગાઉ અનિલ દેસાઈ કેન્દ્રિય કેબિનેટમાં સામેલ થનાર હતા પરંતુ છેલ્લી ઘડીએ તેઓ સામેલ થયા ન હતા. પરંતુ હવે તેમને સામેલ કરવામાં આવનાર છે. શિવ સેના સાથે મતભેદો દુર થવાની સ્થિતીમાં સંસદની કાર્યવાહીમાં પમ ભાજપને ફાયદો થશે. લોકસભામાં શિવ સેનાના ૧૮ સાંસદ છે. રાજ્યસભામાં ત્રણ સાંસદ છે. શિવ સેનાએ વીમા બિલનો વિરોધ કર્યો છે. ૨૮૮ સભ્યોના ગૃહમાં બાજપ પાસે ૧૨૨ સભ્યો છે.




સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા મહિલાઓ વિરુધ્ધના અત્યાચાર અને જાતીય સમાનતા અંગે જાગૃતિ આણવાની ઝુંબેશની દક્ષિણ એશિયાની બ્રાન્ડ એમ્બેસેડર તરીકે ભારતની ટેનિસ સ્ટાર સાનિયા મર્ઝાને નવી દિલ્હીમાં યોજાયેલા એક કાર્યક્રમમાં જાહેર કરાઈ હતી. આ પ્રસંગે પહેરાવાયેલી કેપને સાનિયાએ સરખી કરી હતી.

## સમાચાર ઝલક

- આધાર કાર્ડ ન ધરાવતા ગ્રાહકોને પણ ગેસની સબસીડી મળશે.
- મણિનગરની નેલ્સન સ્કુલમાં ૩ વિદ્યાર્થીઓએ દારૂ પીને શાળામાં ધમાલ મચાવી.
- ગીર સોમનાથમાં જુથ અથડામણમાં ૭ ઘાયલ, ચાંપતો બંદોબસ્ત, મોટા પાયે નુકશાન.
- ફોન મારફતે બેંકના નામે એટીએમના પર્સનલ પાસવર્ડ નંબર આપવા નહિ. પોલીસતંત્રની સલાહ.
- જામનગરમાં ડબલ મર્ડર કોળી પિતા-પુત્રની ક્રુર હત્યા.
- જિંદગીમાં કયારેય બેટ કે ટેનિસ રેકેટ પકડયું ન હોય તેવા વિવેચકો આલોચના કરે છે : સાનિયા મિર્ઝા.
- હાઉસીંગ લોનના વ્યાજમાં સબસીડીની યોજના દાખલ કરતી કેન્દ્ર સરકાર.
- સિગારેટના છુટક વેચાણ પર પ્રતિબંધ મુકવા નિર્ણય.
- જામનગરની હોસ્પિટલમાં હથિયારો સાથે અસામાજીક તત્વો ઘુસી ગયા.
- ડબ્બા ટ્રેડીંગ પર ટુંક સમયમાં તપાસ થશે - સેબીના ચેરમેન સિંહા.
- આર્થિક ક્ષેત્રે ૨૦૧૫નું વર્ષ ટનાટન રહેવાની ધારણા.
- ચીનના ૧૦૦ ઉદ્યોગકારોનું પ્રતિનિધિ મંડળ ગુજરાતની મુલાકાતે.
- દેશની ટોચની ૧૦૦ યુનિવર્સિટીઓમાં ગુજરાતની પાંચને સ્થાન મળ્યું.

## આરબીઆઈ પોલીસી સમીક્ષામાં વ્યાજદર યથાવત જ રહેશે

મુંબઈ,તા. ૨૬

રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા તેની હાલમાં રજૂ થનાર નાણાંકીય નિતી સમીક્ષામાં વ્યાજદરમાં કોઈ ઘટાડો કરે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. બીજી ડિસેમ્બરના દિવસે નાણાકીય નિતી સમીક્ષા જારી કરવામાં આવનાર છે. આ વર્ષે રેટમાં કોઈ કાપ મુકાય તેવી શક્યતા નિષ્ણાંતોને દેખાઈ રહી નથી. મોટા ભાગના અર્થશાસ્ત્રીઓ માને છે કે વ્યાજ દરમાં હાલ કોઈ ફેરફાર નહી કરાય. ઓઈલની કિમતમાં ઘટાડો થઈ રહ્યો છે. રિટેલ ફુગાવો હાલમાં સૌથી નીચે સપાટી પર પહોંચી ગયો છે. ફેબ્રુઆરી ૨૦૧૨માં ડેટા જારી કરવાની શરૂઆત કરવામાં આવ્યા બાદથી રીટેલ ફુગાવો સૌથી નીચી સપાટી પર પહોંચી ગયો છે.આરબીઆઈ જાન્યુઆરી ૨૦૧૬ સુધી ફુગાવાના આંકડાને ઘટાડીને છ ટકા સુધી લાવવાની યોજના ધરાવે છે. પરંતુ વિકાસના પરિબવો હજુ સુધી ઝડપી સંકેત આપી રહ્યા નથી. શેરબજાર અને ઉદ્યોગ જગત દ્વારા પોલીસી સમીક્ષા પર નજર રાખવામાં આવી રહી છે. રસપ્રદ બાબત એ છે કે આ વર્ષે જાન્યુઆરી બાદથી રાજને વ્યાજ દરમાં કોઈ ફેરફાર કર્યા નથી. સપ્ટેમ્બર ૨૦૧૩ અને જાન્યુઆરી ૨૦૧૪ વચ્ચેના ગાળામાં રાજને પોલીસી રેટ અથવા તો રેપો રેટમાં એકંદરે ત્રણ વખત વધારો કર્યો છે. કુલ ૭૫ બેઝિક પોઈન્ટનો વધારો કરવામાં આવ્યો છે. હાલમાં રેપો રેટ આઠ ટકા છે. છેલ્લા થોડાક મહિનાઓથી બેન્ચમાર્કને લઈને પણ અટકળો છે. ફુગાવામાં નોંધપાત્ર ઘટાડો થવાની સ્થિતીમાં આરબીઆઈ વધુ સંતુલિત વલણ અપનાવે તેવી શક્યતા છે. વૈશ્વિક કોમોડિટીના ભાવમાં પણ ફેરફાર થઈ રહ્યા છે.

## ૪૩ દેશોના લોકોને વીઝા ઓન એરાઈવલ સુવિધા

નવી દિલ્હી,તા. ૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેરાત બાદ હવે કેન્દ્ર સરકાર અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ફિઝી, પેસિફિક દ્વિપના દેશો સહિત ૪૩ દેશોને વીઝા ઓન એરાઇવલ અને ઇલેક્ટ્રોનિક ટ્રાવેલ ઓથોરાઇઝેશનની સુવિધા આવતીકાલથી આપવામાં આવે તેવી શક્યતા છે. મોદીએ આના માટે ખાસ પહેલ કર્યા બાદ ઝડપથી પગલા લેવામાં આવ્યા હતા. મોદીએ પહેલ કર્યા બાદ પીઆઇઓ અને ઓસીઆઇને મર્જરની મંજૂરી આપે તેવા સિટીજનશીપ સુધારા એક્ટમાં સુધાર કરવા માટે એક બિલ ટુંક સમયમાં મંજૂરી માટે કેબિનેટ સમક્ષ લવાશે. પીએમઓ દ્વારા આ મુજબની જાહેરાત કરવામાં આવી છે. જે દેશોને ઓનલાઇન વીઝાની સુવિધા આપવામાં આવનાર છે તેમાં અમેરિકા, ઓસ્ટ્રેલિયા, જર્મની, ઇઝરાયેલ, જાપાન, યુએઇ, પેલેસ્ટાઇન, જોર્ડન, થાઇલેન્ડ, સિંગાપોર અને રશિયાનો સમાવેશ થાય છે. કેન્દ્રમાં નવી આવેલી મોદી સરકારે ટ્યુરિઝમ અને કલ્ચર પર ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. વડાપ્રધાને કહ્યું હતું કે અમે દેશની ભવ્ય સાંસ્કૃતિ વિરાસત અને સંસ્કૃતિને ટ્યુરિઝમ અને ઉદ્ધયન મારફતે વિશ્વ સમક્ષ રજૂ કરવા ઇચ્છુક છીએ .આનાથી યુવાનોમાં રોજગાર પણ વધસે. મેડિકલ ટ્યુરિઝમ, એડવેન્ચર અથવા તો ગ્રામીણ ટ્યુરિઝમનો સમાવેશ થાય છે. કેટલાક દેશોને પહેલાથી જ વીઝા ઓન એરાઇવલની સુવિધા મળેલી છે. આ દેશોના નાગરિકો પણ આ ઇલેક્ટ્રોનિક ટ્રાવેલ ઓથોરાઇઝેશન સ્કીમનો લાભ લઇ શકે છે. જેમા ફિનલેન્ડ, જાપાન, ન્યુઝીલેન્ડ, સિંગાપોર, કમ્બોડિયા, ઇન્ડોનેશિયા મ્યાનમાર, વિયેતનામ, ફિલિપાઇન્સ, લાઓસ અને દક્ષિણ કોરિયાનો સમાવેશ થાય છે. ભારત આગામી દિવસોમાં પ્રવાસ અને સાસ્કૃતિ સંબંધો મારફ્તે પણ વિશ્વના દેશો સાથે પોતાના સંબંધોને વધુ મજબુત કરવા માટે ઇચ્છુક છે.

### પાકિસ્તાની નાગરિકને હાલ સુવિધા નહીં મળે

નવી દિલ્હી,તા. ૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પહેલ બાદ ૪૩ દેશોને વીઝા ઓન એરાઈવલ અને ઈલેક્ટ્રોનિક ટ્રાવેલ ઓથોરાઈઝેશનની સુવિધા આપવામાં આવી રહી છે. પરંતુ આ સુવિધા પાકિસ્તાનના નાગરિકોને નહીં આપવાનો નિર્ણય કરાયો છે. પાકિસ્તાન સાથે સંબંધોમાં સુધાર થઈ રહ્યો નથી. માત્ર પાકિસ્તાન જ નહીં બલ્કે દુનિયાના અન્ય દેશો પણ એવા છે કે જે લોકોના નાગરિકોને આ સુવિધા આપવામાં આવશે નહીં. જેમાં ઈરાન અને ઈરાકનો સમાવેશ થાય છે. પાકિસ્તાન સાથે સંબંધો નહીં સુધારવા માટે સરહદપારથી આતંકવાદી ગતિવિધિ અને અંકુશ રેખા પર યુદ્ધવિરામના ભંગનો સમાવેશ થાય છે.